

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની મુંબઈ સ્થિત IMC ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં કો-ઓપ્ટ કારોબારી સભ્ય તરીકે નિમાણુંક...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ૬૮ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. રાજકોટ ચેમ્બર દ્ધારા હર હંમેશ વેપાર-ઉદ્યોગના તેમજ આમ પ્રજાના પ્રશ્નોનું યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. તેમજ કેન્દ્ર તથા રાજય સરકારમાં એક સેતુ બની રજુઆતો કરી ઉદ્દભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. રાજકોટ ચેમ્બર મુંબઈ સ્થિત IMC ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં સભ્યપદ ધરાવે છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની કો-ઓપ્ટ કારોબારી સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. IMC ની કો-ઓપ્ટ કારોબારી સમિતિમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને સ્થાન મળવાથી સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ માટે ગૌરવની બાબત ગણાય. આમ આ સ્થાન મળવાથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોના પ્રશ્નોને ખુબ જ મહત્વ સાથે વાચા મળશે.

સાથો સાથ પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ હાલ નેશનલ લેવલની સંસ્થા ફેડરેશન ઓફ ઈન્ડીયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) ન્યુ દિલ્હીમાં કારોબારી સભ્ય તરીકે કાર્યરત છે. તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં અગાઉ રીજીઓનલ સેક્રેટરી જેવા મહત્વના પદ પર કાર્ય કરી ચુકયા છે તેમજ કારોબારી સભ્ય તરીકે પણ હાલ કાર્યરત છે. આથી તમામ વેપાર-ઉદ્યોગકારોને તેઓને ઉદ્દભવતા પ્રશ્નો કે સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા પણ અનુરોધ કરવામાં આવે છે. જેથી તેની ઉચ્ચ લેવલે રજુઆત કરી યોગ્ય નિરાકરણ લાવી શકાય. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.